# હિમાલય પૃથ્વી પરનું સ્વર્ગ છે

પરંતુ હોનહારને કોણ રોકી શકે? એક વાર સ્વર્ગમાં ઇંદ્રદેવના પુત્ર અર્જુનજી પધારેલા અને ઇંદ્રદેવની સૂચનાથી અર્જુનજીને નૃત્યનું શિક્ષણ અમારા જ પૂર્વજોએ આપ્યું હતું.

એક વાર સ્વર્ગમાં એક મહાન ઉત્સવ હતો. સંગીત, નૃત્ય, વાદનની રમઝટ બોલાતી હતી. તે વખતે એક અનહોની ઘટના ઘટી. અમારા પૂર્વજોમાંના એક યુવક અને યુવતી પણ નૃત્યમાં સામેલ હતાં. બંને વચ્ચે પ્રગાઢ પ્રેમ હતો. નૃત્યના કાર્યક્રમમાં બંને બાજુ-બાજુમાં આવી ગયાં. ચારે આંખો મળી અને પછી તો શું? બંનેનાં હૃદયમાં જાણે સ્નેહનો સાગર ઊમટ્યો, પ્રેમની આ તલ્લીનતામાં એક વાર તેમના પગ બેતાલ પડી ગયા. ભૂલ તુરત સુધારી લીધી; પરંતુ જે ભૂલ થઈ તે તો થઈ જ! નૃત્યનો કાર્યક્રમ પૂરો થયો. દેવરાજ ઇંદ્રે બંનેને બોલાવ્યાં અને ભૂલની આકરી સજા કરી.

"તમે બંને સ્વર્ગમાં રહેવાને લાયક નથી. તમે આ સ્વર્ગીય નૃત્યમાં હવેથી સામેલ નહિ થઈ શકો. જાઓ તમે બંને પૃથ્વીલોકમાં જઈને ત્યાં જ રહો." બંનેએ ખૂબ કાકલૂદી કરી. ફરી ભૂલ નહિ જ થાય તેવું વચન આપ્યું; . પરંતુ દેવરાજના આદેશની અગણના કોણ કરી શકે ? આખરે અમારા પૂર્વજ યુવક-યુવતી, બંનેએ ઇંદ્રદેવને કહ્યું,

"દેવરાજ! અમે સ્વર્ગના વાસી છીએ, અમે પૃથ્વીલોક પર ન જ રહી શકીએ. અમે રહી શકીએ તેવું સ્થાન આપો."

આખરે દેવરાજે સૌમ્ય વલણ ધારણ કર્યું અને કહ્યું, "ભલે! પૃથ્વીલોક પર સ્વર્ગ જેવું એક સ્થાન છે,. તમે ત્યાં જઈને રહો."

"કયું સ્થાન દેવરાજ ?"

"હિમાલય! હિમાલય પૃથ્વી પરનું સ્વર્ગ છે. તમે ત્યાં જઈને રહેજો, તમારા વંશજો પણ ત્યાં રહેશે."

બંને પૃથ્વીલોક પર આવવા તૈયાર થયાં. ઇંદ્રદેવે તેમને આખરી સલાહ આપી,

"સાવધાન ! તમારો કે તમારા વંશજોનો પગ કદી બેતાલ ન પડવો જોઈએ, અન્યથા..."

( "ઇંદ્રદેવ ! કહો, અન્યથા શું ?"

"અન્યથા હિમાલયમાંથી પણ તમારું પતન થશે."

આટલી કથા કહીને પૂજારીજી મૌન થઈ ગયા. સમાપન કરતાં હિમરાજ કહે છે,

"તે દિવસથી આજ સુધી અમે સૌ કિન્નરો ખૂબ સાવધાન છીએ. પગ કદી બેતાલ ન પડે."

હવે મેં ટાપસી પૂરી.

"નૃત્યમાં જ કે જીવનમાં પણ ?"

"જીવનમાં તો અમે શું કહી શકીએ; પરંતુ નૃત્યમાં બેતાલ પગ ન પડે, તે માટે અમે આજ સુધી ખૂબ સાવધાન રહ્યા છીએ." થોડી વાર અટકીને હિમરાજ સમાપન કરે છે.

"અને સ્વામીજી! જીવનમાં પણ અમે કિન્નરો અપ્રામાણિક નથી. અમે ધનને માટે કદી સત્ય છોડતા નથી."

"બસ! બસ! એટલું ઘણું છે."

મોડી રાત સુધી અમારી વાતો ચાલી. ક્યારેક વક્તા બનવાનું મારે ફાળે પણ આવ્યું, પણ હું મહદંશે શ્રોતા જ રહ્યો. કોણ જાણે કેમ પણ મને વક્તા થવા કરતાં શ્રોતા થવું વધુ ગમે છે.

મોડી રાતે અમે સૂઈ ગયા. હિમાલયદાદાની ગોદમાં લપાઈ ગયા ! બીજે દિવસે સવારે અમે વહેલા તો ન ઊઠી શક્યા; પરંતુ મોડા પણ ન ઊઠ્યા.

આજે હવે અમારે કામરૂ જવાનું છે. પૂજારીજીની વિદાય લઈને, તેમનો આભાર માનીને દેવોના વિદાયદર્શન કરીને અમે આગળ ચાલ્યા. અમે સાંગલાના મુખ્ય રસ્તા પર આવ્યા. અહીં સાંગલા ગામના મુખ્ય રસ્તા પર એક પુલ છે. એક નાની નદી પસાર થાય છે. આ નદી સાંગલા ગામમાંથી પસાર થઈને ઊછળતી-કૂદતી બાસ્પા નદીને મળે છે. આ પુલ પાસેથી જ કામરૂ જવાનો રસ્તો નીકળે છે.

આમ તો કામરૂ એક અલગ ગામ છે; પરંતુ હવે કામરૂ અને સાંગલા લગભગ લગોલગ આવી ગયાં છે.

આ કામરૂ એક ઘણું પ્રાચીન ગામ છે. કિન્નોર પ્રદેશની સૌથી પ્રાચીન રાજધાની આ કામરૂ છે. કામરૂથી આ રાજધાની સરાહન ગઈ છે. સરાહનથી રાજધાની રામપુર ગઈ છે અને રામપુરથી સિમલા ! રસ્તે ચાલતાં-ચાલતાં મારા પ્રશ્નો અને હિમરાજના ઉત્તરોનો ક્રમ ચાલુ જ છે.

"હિમરાજ ભૈયા! આ ગામનું નામ કામરૂ કેવી રીતે પડ્યું છે." "અહીં આ નાના ગામમાં કામાખ્યાદેવીનું ભવ્ય અને સુંદર મંદિર છે. કામાખ્યાદેવી કામરૂપથી અહીં આવ્યાં છે. તદનુસાર આ સ્થાન નાનું કામરૂપ છે અને કાળાંતરે કામરૂપમાંથી કામરૂ બની ગયું છે." "આ ગામનું સ્વરૂપ કેવું છે ?"

"અહીંથી જોઈ શકાય છે. જુઓ, આ કામરૂ એક ઊંચી, સાંકડી પહાડી પર વસેલું છે. જમીનની ખૂબ ખેંચ હોવાથી મકાનો ખીચોખીચ બન્યાં છે. જુઓને! દૂરથી જોઈએ તો આ આખું ગામ એક મધપૂડો લટકતો હોય તેવું લાગે છે

> કામરૂ એક ઊંચી, સાંકડી પહાડી પર વસેલું છે. જમીનની ખૂબ ખેંચ હોવાથી મકાનો ખીચોખીચ બન્યાં છે. જુઓને! દૂરથી જોઈએ તો આ આખું ગામ એક મધપૂડો લટકતો હોય તેવું લાગે છે

**હિમાલયનાં વિરલ તીર્થો**
**ભાણદેવ**

# અનંત શકિત અને ૬૪ સ્વરૂપના સ્વામી ભગવાન શ્રીગણેશ

> વેદવ્યાસજીએ ગણેશજીને મહાભારતની રચના કરવા લખવા માટે નિમંત્રણ આપ્યું ત્યારે ગણેશજીએ એક જ બેઠકમાં વિરામ કર્યા વગર મહાભારતની રચના કરશે એ શરતે નિમંત્રણ સ્વીકારી મહાભારત માટે લેખનકાર્ય ગણેશ ચતુર્થીના દિવસે પ્રારંભ કર્યું અને સતત દસ દિવસ વિશ્રામ કર્યા વગર આ મહાન ગ્રંથનું કાર્ય પૂરું કર્યું

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

હજુ શ્રાવણ શરૂ થયો નથી ત્યાં સુધી ગણેશોત્સવનો ભવ્ય ધાર્મિક માહોલ જામ્યો છે. કેટલાંક રાજ્યોમાં વધુ મહત્ત્વતા ધરાવતાં આ અવસરે મંડપો-પંડાલોમાં ગણેશભક્તોએ શ્રદ્ધાનુસાર નાની-મોટી પ્રતિમાઓ પ્રસ્થાપિત કરી છે. ક્યાંક તો લાખો અને કરોડોના ખર્ચે ભવ્યાતિભવ્ય પંડાલોને સુશોભિત કરાયા છે. શ્રદ્ધા અને ભક્તિના આ પર્વની ઉજવણી દેશ પૂરતી સીમિત નહીં રહેતાં થાઈલેન્ડ, જાપાન, નેપાળ, ઈન્ડોનેશિયા, શ્રીલંકા, તિબેટ, ચીન, આફ્રિકા જેવા દેશો ઉપરાંત જ્યાં જ્યાં પણ ભારતીય હિન્દુઓ સ્થાયી થયા છે એવા દેશોમાં શ્રદ્ધા મુજબ ગણેશોત્સવ ઉજવાઈ રહ્યો છે. વિશેષ પ્રકારની દેહાકૃતિ ધરાવતા દેવ 'ગણેશજી' વિશ્વભરમાં સૌ કોઈના પસંદગીના દેવ છે. ગણેશજી જન્મકથાથી સ્વાભાવિક જ સૌ કોઈ પરિચિત હોય કારણ કે પ્રતિવર્ષ અનેક વાર પ્રકાશિત થઈ ચૂકી છે તો બાળપણથી આપણી ધર્મકથાઓ દ્વારા આપણે જાણી શક્યા છીએ પણ કેટલીક વિશેષ જાણકારી કદાચ નહીં જાણતા હોય તો લેખ દ્વારા તેની પ્રસ્તુતિનો પ્રયાસ છે.

કોઈ પણ ધર્મકાર્યમાં પ્રથમ પૂજનીય ગણેશજીની ધર્મકથા ચારેય યુગમાં અલગ-અલગ પ્રકારે વર્ણવાઈ છે પણ દ્વાપરયુગમાં માતા પાર્વતી અને શિવજીના પુત્ર તરીકે આપણે ગણેશજીને પૂજીએ છીએ. ગણેશજીના કાર્તિકેય સિવાય પણ અન્ય સુકેશ, જલંધર, અયપ્પા, ભૂમા, અંધક અને ખૂજા નામક છ ભાઈઓ છે. ઉપરાંત અશોકસુંદરી, જ્યોતિ (મા જ્વાલામુખી) અને મનસાદેવી નામની ત્રણ બહેનો પણ હોવાનો ઉલ્લેખ છે, જે ગણેશપુરાણમાં જોવા મળે છે. વિશ્વકર્મા ભગવાનની બંને પુત્રી રિદ્ધિ અને સિદ્ધિ ગણેશજીનાં પત્ની છે. જેમાં રિધ્ધિનો પુત્ર શુભ અને સિદ્ધિનો પુત્ર લાભ એમ લાભ-શુભ નામના ગણેશજીના બે પુત્ર છે. ગણેશજીની પુત્રીનું નામ સંતોષી છે. સંતોષી માતા નામ આપણા માટે અજાણ્યું નથી પણ આમોદ અને પ્રમોદ નામના ગણેશજીના બે પૌત્ર પણ છે એ બહુ ઓછા લોકો જાણતા હોય છે.

એક હાથમાં અંકુશ, બીજા હાથમાં પાશ, ત્રીજા હાથમાં મોદક અને આશીર્વાદ આપતો ચોથો હાથ એમ ચાર ભૂજા ધરાવતાં ગણેશજીના શરીરનો મુખ્ય રંગ લાલ અને લીલો હોવાનો શિવપુરાણમાં ઉલ્લેખ છે. લાલ રંગ શક્તિનું અને લીલો રંગ સમૃદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે એટલે જ્યાં પણ ગણેશજી છે ત્યાં શક્તિ અને સમૃદ્ધિનો વાસ છે. જો કે ગણેશજીના વિવિધ અવતાર અને સ્વરૂપના રંગ અલગ અલગ છે. જુદા જુદા ધર્મગ્રંથોમાં ગણેશજીના વિવિધ અવતાર અને સ્વરૂપના ઉલ્લેખ જોવા મળે છે. કોઈ જગ્યાએ 64 તો કોઈ જગ્યાએ 32 અવતારોના ઉલ્લેખ સાથે વિધિવત વિગત સાથેની માહિતી મળે છે. એમ પણ 12 નામ ખૂબ વિખ્યાત છે. સુમુખ, એકદંત, કપિલ, ગજકર્ણક, લમ્બોદર, વિકટ, વિઘ્નવિનાશક, ધૂમ્રકેતુ, ગણાધ્યક્ષ, ભાલચન્દ્ર અને ગજાનન એ 12 સ્વરૂપમાં પ્રત્યેક સ્વરૂપની અલગ કથા જોવા મળે છે. આ બાર નામો સાથેના નારદજી રચિત સંકટનાશન ગણેશસ્તોત્રને ખૂબ અસરકારક અને ચમત્કારિક મનાય છે.

દેશમાં ભગવાન ગણેશના અનેક પૌરાણિક મંદિર છે. કેટલાંક ખૂબ વિખ્યાત અને ચમત્કારિક પણ છે. મહારાષ્ટ્રમાં અષ્ટગણેશ દર્શનયાત્રાનું ઘણું મહત્ત્વ છે. પૂના અને રાયગઢની આજુબાજુમાં જ આવેલ અષ્ટગણેશ મંદિરોની વાહન દ્વારા યાત્રા કરવી હોય તો બે દિવસ જોઈએ. શ્રદ્ધાળુઓ અષ્ટગણેશ દર્શનયાત્રા કરવા પૂના ખાતે રોકાણ કરી એક દિવસે 4 અને બીજા દિવસે 4 એમ જુદા જુદા અંતરે આવેલ ગણેશધામોના દર્શન કરે છે. વિગતે જોઈએ તો પૂના જિલ્લાના મોરગાંવ ખાતે મયૂરેશ્વર ગણેશજી બિરાજમાન છે. અહમદનગર જિલ્લાના સિદ્ધટેક ખાતે સિદ્ધવિનાયક, રાયગઢ જિલ્લાના પાલી ખાતેના મંદિરમાં બિલ્લાલેશ્વર ગણેશજી બિરાજમાન છે. રાયગઢના મહદ ખાતે મંદિરમાં વરદ વિનાયક ગણેશજી દર્શનીય છે. પૂનાના થેઉર ખાતેના ચિન્તામણિ મંદિરમાં ગણેશજી બિરાજમાન છે. પૂનાની બાજુમાં લેણ્યાદ્રી ખાતે મંદિરમાં માટે નિમંત્રણ આપ્યું ત્યારે ગણેશજીએ એક જ બેઠકમાં વિરામ કર્યા વગર મહાભારતની રચના કરશે એ શરતે નિમંત્રણ સ્વીકારી મહાભારત માટે લેખનકાર્ય ગણેશ ચતુર્થીના દિવસે પ્રારંભ કર્યું અને સતત દસ દિવસ વિશ્રામ કર્યા વગર આ મહાન ગ્રંથનું કાર્ય પૂરું કર્યું. કાર્ય પૂર્ણ થતાં વેદવ્યાસજીએ જોયું કે ગણેશજીના શરીરનું તાપમાન વધી ગયું છે. તેથી તેમણે બાજુમાં વહેતી ગંગાના ઠંડા જળમાં સ્નાન કરાવ્યું. એ દિવસ હતો અનંત ચતુર્દશીનો. તેથી ત્યારથી પૂજાનો દસ દિવસનો ગાળો એક પરંપરા બની ગયો. વેદવ્યાસજીએ ગણેશજીના મહાન કાર્ય પછીના થાક જેવા નકારાત્મક તત્ત્વનું ગંગામાં વિસર્જન કરાવેલું પણ આજે ગણેશપ્રતિમાઓનું પાણીમાં વિસર્જન કરાવાય છે. માત્ર દસ દિવસની પૂજા માટે નિર્માણ કરાવેલી પાર્થિવ પ્રતિમાઓનું વિસર્જન એ ધર્મશાસ્ત્ર પ્રમાણેની એક પરંપરા છે.

જો કે સર્જન અને વિસર્જનની પ્રક્રિયા સૌને માટે પ્રેરણા છે કે સર્જન સમાજની એકતા માટે જરૂરી છે. પ્રેમ, દયાભાવ, શ્રદ્ધા, ભક્તિ માટે આ અવસર સર્જનનો છે. જ્યારે ક્રોધ, લોભ, મોહ, વેરભાવ અને વ્યસનોના વિસર્જનની પ્રેરણાનો વિશેષ અવસર ગણવો જોઈએ.



મયુરેશ્વર મોરગૉવ

ચિંતામણી થેઉર

ગિરીજાત્મજ ગણપતિ લેણ્યાદ્રી

મહાગણપતિ રાંજણગાવ

સિદ્ધિવિનાયક સિદ્ધટેક

વિઘ્નહર ગણપતિ ઓઝર

વરદવિનાયક મહડ

શ્રી બલ્લાલેશ્વર પાલી

|| कृष्णस्तु भगवान स्वयम् ||

લેખાંક-૨૮

# પરમાત્માની સોળ કળાઓ

> શ્રીકૃષ્ણનો જન્મ ચંદ્રવંશમાં થયો. આથી ચંદ્રની, અમાસથી પૂનમ સુધીની સોળ કળાઓનો પ્રભાવ શ્રીકૃષ્ણના વિગ્રહમાં છે. આજ રીતે ભગવાન 'શ્રીરામ' સુર્યવંશમાં જન્મ્યા હતા

હજુ વકીના ગર્ભમાં પરમાત્માનું કાળરૂપ શાશ્વત સ્વરૂપનું પ્રાગટ્ય, કે જેમના માટે બ્રહ્માજી અને ઇન્દ્રાદિક વગેરે દેવતાઓ દ્વારા 'શ્રીકૃષ્ણ' એવું સંબોધન કરાયું, તે પરમાત્માનો 'પૂર્ણ અવતાર' કહેવાય છે. શ્રીમદ ભાગવતમાં વ્યાસજીએ શ્રીકૃષ્ણને 'પૂર્ણ અવતાર' કહ્યા છે (કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં). આપણે અગાઉના લેખોમાં આ રહસ્ય સમજવાનો પ્રયત્ન કર્યો હતો. શ્રીકૃષ્ણ પૂર્ણ અવતાર થયા એટલે 'પૂર્ણ પુરુષોત્તમ' પણ કહેવાયા. આનું કારણ એ છે કે તેમનું પ્રાગટ્ય સંપૂર્ણપણે સોળ કળાઓ સાથેનું છે. કેટલાક વિવેચકો ચોસઠ ગુણનો ઉલ્લેખ પણ કરે છે. આપણે બંને રીતે સમજવા પ્રયત્ન કરીશું.

ભગવાનના વિશિષ્ટ ગુણો સામાન્ય માનવી કરતા અલગ પ્રકારના છે. જે 'કળા' તરીકે ઓળખાય છે. શ્રીકૃષ્ણનો જન્મ ચંદ્રવંશમાં થયો. આથી ચંદ્રની, અમાસ થી પૂનમ સુધીની સોળ કળાઓનો પ્રભાવ શ્રીકૃષ્ણના વિગ્રહમાં છે. આજ રીતે ભગવાન 'શ્રીરામ' સુર્યવંશમાં જન્મ્યા હતા. આથી સૂર્યની (આદિત્યની) બાર મહિનાની બાર કળાઓનો પ્રભાવ શ્રીરામના વિગ્રહમાં છે. ભગવાન શ્રીકૃષ્ણની સોળ કળાઓને સમજીએ તો આ સોળ કળાઓને પુરાણો નીચે આપેલ બે રીત પ્રમાણે વર્ણવે છે.

**પહેલી રીત - ગુણોની વૃદ્ધિ**

આ રીત પ્રમાણે અનુક્રમે દરેક કળામાં ગુણોની વૃદ્ધિ ઉત્તરોત્તર થતી જાય છે. અહી જે સોળ કળાઓ દર્શાવી છે તેમાંથી પાંચ કળા લગભગ દરેક મનુષ્યમાં હોય છે. આ પાંચ કળાઓ છે

૧. અન્નમાયા (ખોરાક) ૨. પ્રાણમાયા (શ્વાસ) ૩. મનોમાયા (મન) ૪. વિજ્ઞાનમાયા (જ્ઞાન) ૫. આનંદમાયા (આનંદ).

એનાથી ઉપરની કળામાં ભગવાનના અવતાર માટેની વિશિષ્ટ કળાઓ સામેલ છે. થોડા વધુ પ્રયત્નથી અને પ્રભુની કૃપાથી મનુષ્ય વધુ ત્રણ કળા પ્રાપ્ત કરી શકે છે, જે

૬, અતિશાયિની (શાંતિ) ૭. વિપ્રિનાભીમી (પ્રેમ) ૮.

સંક્રમિની (પરમાત્મા સાથે આત્મીયતા) તરીકે ઓળખાય છે.

આ ત્રણ કળા સહિત એટલે કે જેને ઉપર દર્શાવેલી કુલ આઠ કળા પ્રાપ્ત થાય તેઓ આ ધરતી પર 'મહાત્મા' કે 'હંસાત્મા' તરીકે ઓળખાય છે. અહી એક વાતની નોંધ લઈએ કે પરમાત્માની બધી શક્તિઓ સ્વાભાવિકપણે સિદ્ધ જ હોય છે. જ્યારે મનુષ્યએ સિદ્ધિ વડે પ્રાપ્ત કરેલ કળા આંશિક સફળતાવાળી અને આંશિક વિફળતાવાળી હોય છે.

બાકીની આઠ કળાઓ છે. ૯. પ્રભવી. ૧૦. કુંથીની ૧૧. વિકાસીની ૧૨. મર્યાદીની. ૧૩. સન્હલાદીની ૧૪. આહલાદાદીની ૧૫. પરિપૂર્ણ ૧૬. સ્વરૂપ વશિષ્ટ.

અહી દર્શાવેલ નવમી 'પ્રભવી' કળાનો અર્થ છે, 'કતૃમ - અકતૃમ'. એટલે કે કોઈપણ અશક્ય કામ કરવાની શક્તિ. 'નરસિંહ ભગવાન' પાસે આ કળા હતી. આજ રીતે બારમી 'મર્યાદીની' સુધીની કળા લઈને થયેલા અવતારને આપણે 'મર્યાદાપુરુષોત્તમ શ્રીરામ' કહીએ છીએ.

બીજી રીત - સામર્થ્યની (શ્રીમદ ભાગવત પુરાણ પ્રમાણે):

૧. શ્રીઃ (ધનસંપદા)- જેની પાસે અપાર સંપતિ હોય અને આધ્યાત્મિક રૂપથી પણ જે ધનવાન હોય, જેના દરવાજેથી કોઈ યાચક ખાલી હાથે ન જાય તેવી કળા.

૨. ભૂઃ (અચલ સંપત્તિ)- આખી પૃથ્વી પર અધિકાર ભોગવવાની ક્ષમતા.

૩. કીર્તિઃ (યશ-પ્રસિદ્ધિ)- જેના માન સન્માન અને યશની કીર્તિ ચારે બાજુ ફેલાયેલી હોય.

૪. ઈલાઃ (વાણીનું સંમોહન)- બધાને મોહી લે તેવી મોહક વાણી.

૫. લીલાઃ (આનંદ-ઉત્સવ)- જે કાર્યોથી મનને આનંદ થાય.

૬. કાંતિઃ (સૌન્દર્ય, આભા)- જેમનું રૂપ જોઈ મન આકર્ષિત થઈ જાય-વારંવાર જોવાનું મન થાય.

૭. વિદ્યાઃ (મેધા વૃદ્ધિ)- વેદ, વેદાંત, સંગીત, યુદ્ધકળા, રાજનીતિ, કુટનીતિ વગેરે તમામ.

૮. વિમલાઃ (પારદર્શિતાઃ છલ-કપટ ન હોય. બધા પ્રત્યે સમાન વ્યવહાર હોય.

૯. ઉત્કર્ષનીઃ (પ્રેરણા અને નિયોજન)- જેની પ્રેરણામાં એવું સામર્થ્ય હોય કે જેની વાતોની પ્રેરણા લઈ માનવી પોતાનું લક્ષ્ય સિદ્ધ કરી શકે.

૧૦. જ્ઞાનઃ (નીરક્ષીર વિવેક)- પોતાના વિવેકથી સમાજને નવી દિશા બતાવી શકે.

૧૧. ક્રિયાઃ (કર્મણ્યતા)- જેની ઈચ્છા માત્રથી દરેક કામ થઈ શકે.

૧૨. યોગઃ (ચિત્ત લય)- જેનું મન આત્મામાં કેન્દ્રિત છે.

૧૩. પ્રહવીઃ (આત્યંતિક વિનય)- બધું કામ જાતે કરવા છતાં જશ બીજાને આપવો.

૧૪. સત્યઃ (યથાર્થ)- ધર્મના રક્ષણ માટે કડવું પણ બોલી શકે અને સત્યને પરિભાષિત પણ કરી શકે.

૧૫. ઈસનાઃ (આધિપત્ય)- લોકો પર પ્રભાવ પાડી આધિપત્ય બતાવી શકે.

૧૬. અનુગ્રહઃ (ઉપકાર)- કોઈપણ અપેક્ષા વગર ઉપકાર કરવાની ભાવના.

આવતા લેખમાં ભગવાન શ્રીકૃષ્ણના ચોસઠ ગુણોને પણ સમજવાનો પ્રયત્ન કરીશું. (ક્રમશઃ)

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**